Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

સુખદુઃખમાં

સુખદુઃખનું કારણ પોતાના દેહાધ્યાસમાં અને તેથી ઉત્પન્ન થયેલ મમત્વમાં છે. તેથી તે પોતાનાંજ કર્મને અધીન છે. આથી કર્મના સિદ્ધાન્તને સ્વીકારીને અથવા તો તજીને સર્વકોએ આત્મત્ત્વ મેળવવાનું છે.

આપણા સુખદુઃખમાં કોઈ અન્યને કારણ માનવાથી રાગદ્વેષ તથા અહંકાર વધે છે ને ઊંડા કાદવમાં જેમ હાથી ખૂંચી જાય છે તેમ મનુષ્ય સંસારમાં અસહાય ડૂબતો જાય છે. તેમાંથી છૂટવા માટે બીજા પર દોષારોપણ ન કરતાં, સ્વપ્રયત્ને અહંકાર તજી, પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરી લેવો, એ ઇષ્ટપદ પામવાનો રાજમાર્ગ છે.

—'જ'

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૮
અંક
૮

જેઠ
સં. ૨૦૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अनुक्रमणीका

૧	સુભાષિત		૧૨૧
૨	અજિત-વચનામૃતો	(મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૧૨૨
૩	એ માનવો કિમ માનવી?	(સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ)	૧૨૩
૪	ભૂલોથી જ્ઞાન વધે છે.	(,, ,, ,,)	૧૨૫
૫	માત્ર આજનો દિન	(ડેઇલ કાર્નેગી)	૧૨૮
૬	સ્વ. સાહિત્યોપાસક ‘સુશીલ’નો જીવનપરિચય	(શ્રી પરમાણંદભાઈ)	૧૨૯
૭	સૂર્ય હસતો હતો	(શ્રી રાધાકૃષ્ણ)	૧૩૧
૮	સર્વ સિદ્ધિયેં કારણુ	(શ્રી કાકા કાલેકલર)	૧૩૩
૯	બંધનો તોડવાં પડશે	(શ્રી કેદારનાથજી)	૧૩૫
૧૦	સત્ય ઘટના	(પ્રાચીન હિન્દુ કથા પરથી)	૧૩૯

અવસાન નોંધ

જૈન સમાજના જાણીતા ઝવેરી સાકરચંદ માણેકચંદ ઘડીયાળીનું સુરત ખાતે સંવત ૨૦૧૭ના ચૈત્ર વદી ૧૧ મંગળવાર તા. ૧૧-૪-૬૧ના ૮૬ વર્ષની વયે અવસાન થયેલ છે. તેઓ સ્વભાવે મીલનસાર હતા. તેઓ સભાના આજીવન સભાસદ્ હતા, તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદ્‌ની ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે તેમ ઈચ્છીએ છીએ.

ભાવનગર નિવાસી સંઘવી દુર્લભદાસ નાનચંદ મોતીવાળા સં. ૨૦૧૭ના વૈશાક શુદી ૫ શુક્રવાર તા. ૫-૫-૬૧ના રોજ ૬૫ વર્ષની વયે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ સ્વભાવે મિલનસાર હતા. આપણી સભાના તેઓ આજીવન સભસાદ્ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદ્‌ની ખામી પડી છે. અમે સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઇચ્છીયે છીયે.

શાહ નગીનદાસ હેમચંદ બાવલા મુકામે સં. ૨૦૧૭ના પોષ શુદી ૧૪ને શનીવાર તા. ૩૧-૧૨-૬૦ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ્ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદ્‌ની ખોટ પડી છે. તેમનો આત્મા ચિર સ્થાયી શાંતિ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષ ૫૮ મું] જેઠ તા. ૧૫-૬-૬૧ અંક ૮ મો]

सुभाषित

(આર્ય)

आपादि मित्रपरीक्षा शूरपरीक्षा रणांगण भवति ।
विनये वंशपरीक्षा स्त्रियः परीक्षा तु निर्धने पुंसि ॥

(અનુવાદ)

મિત્ર પરીક્ષા ભીડમાં ને શૂરાની રણાંગણે થાતી;
વંશ કસોટી વિનયે, વનિતા નિર્ધન નરે જ પરખાતી,

વિવરણ— સોડા લેમનના મિત્રોની નિરર્થકતા અને વાણી વીરોની પોકળ તાકાતને ઉઘાડી પાડતું, તથા કુલ ગુણોની સુવાસ અને નિર્ધન દાંપત્યનો ઉજાશ પાથરતું આ સુભાષિત ચાર મહત્ત્વપૂર્ણ બાબતોની ચાવી બતાવે છે. આફત આવ્યે પડખે ઊભો ન રહે તે મિત્ર શાનો? અને યુદ્ધ મેદાનમાં ઝૂઝે નહિ તે શૂરો શાનો? વળી વિનય વિના કુલ ગુણોનું પારખું શે થાય? અને ઉપરછલ્લા પોંપથી ચમકતા માનવીના તેમજ કુલ ગુણોનું માપ તેનામાં વિનય કેટલો છે તે પરથી જ થઇ શકે; એજ રીતે નિર્ધન પતિની જીવનનાવને સહનશીલતા અને કરકસરના હલેસાંથી પાર ઉતારે તેજ સાચી સ્ત્રી.

'કુમાર'માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજિત વચનામૃતો

(દુહા)

લક્ષ્મીતણું ફળદાન છે; આપો પાત્ર મોઝાર
મધુર વચન જીહ્વાતણું, ફળમાનો નર નાર (૧)

બુદ્ધિતણું ફળ જાણજો, તત્વતણો સુવિચાર
શરીરતણુ ફળ ત્યાગ છે, વ્રત પાળો ગુણકાર (૨)

ક્રોધ થકી પ્રીતિ ટળે, માને વિનય પલાય
માયાથી મિત્રો ઘટે, લોભે સઘળું જાય (૩)

સુખ દુઃખના વખતમાં, ધીરજ ધારે જેહ
ચડતીમાં જે નવ છકે, સજ્જન માનો તેહ (૪)

જે ચારિત્રે નિર્મળા તે પંચાનન સિંહ
વિષય કષાય ન ગંજીયા, તે પ્રણમું નિશદિહ (૫)

પર ધનને પર કામિની, હરવા કરે બહુ ધંધ
જે ચીડે પર જંતુને તે દેખતો અંધ (૬)

પરમ પંચ પરમેષ્ઠિમાં પરમેશ્વર ભગવાન
ચાર નિક્ષેપે ધ્યાઈએ; નમો નમો શ્રી ભાણ (૭)

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી (બોટાણા)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ માનવો કિમ માનવી ?

પરજીવને પીડા કરે એ માનવો કિમ માનવી ?
પરદુઃખથી જે સુખ વરે એ માનવો કિમ માનવી ?
આનંદ પીડામાં લહે એ માનાવો કિમ માનવી ?
કુવિચાર એવા જે વહે એ માનવો કિમ માનવી ? ૧

પળપળ મુખે જુઠું વદે એ માનવો કિમ માનવી ?
અપકીર્તિ જેની છે અધે એ માનવો કિમ માનવી ?
બોલી ફરી જાએ સદા એ માનવો કિમ માનવી ?
અવગુણુ વસે જેમાં બધા એ માનવો કિમ માનવી ? ૨

ચોરી કરે નિર્લજ્જ થઈ એ માનવો કિમ માનવી ?
મીઠી વદે વાતો જઈ એ માનવો કિમ માનવી ?
અપહરણુમાં આનંદ જસ એ માનવો કિમ માનવી ?
ધન એજ છે સર્વસ્વ જસ એ માનવો કિમ માનવી ? ૩

પરનારી લંપટ જેહ હો એ માનવો કિમ માનવી ?
જસ વિકલ વિહ્વલ ચિત્ત હો એ માનવો કિમ માનવી ?
કામી મદનવશ જે રહે એ માનવો કિમ માનવી ?
કુવિચાર જસ મનમાં લહે એ માનવો કિમ માનવી ? ૪

વ્યવહાર સહુ જુઠો કરે એ માનવો કિમ માનવી ?
મન કપટ આકાંક્ષા ધરે એ માનવો કિમ માનવી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જસ બોલમાં ન વિવેક છે એ માનવો કિમ માનવી ?
બાંધે ઘણા કટુ કર્મ જે એ માનવો કિમ માનવી ? ૫

કટુ બોલ ઉચરે જે મુખે એ માનવો કિમ માનવી ?
અવિચારથી જે સહુ બકે એ માનવો કિમ માનવી ?
સજ્જનતણે પીડે ઘણો એ માનવો કિમ માનવી ?
કુવિચાર એ દાનવતણો એ માનવો કિમ માનવી ? ૬

નિંદા કરે મુનિ સંતની એ માનવો કિમ માનવી ?
દોષો ગણે મતિ જેહની એ માનવો કિમ માનવી ?
ચિંતા ન જસ પરલોકની એ માનવો કિમ માનવી ?
જસ ફિકર નહીં હો નર્કની એ માનવો કિમ માનવી ? ૭

જસ દેવ વા નહીં ધર્મ હો એ માનવો કિમ માનવી ?
પશુસમ અહો ! જસ વૃત્તિ છે એ માનવો કિમ માનવી ?
કથની કહું હું કેટલી છે વાત નહીં એમાં નવી
બાલેંદુની એ બોધવાણી સુજન સહુએ માનવી.

(કવિ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂલોથી જ્ઞાન વધે છે !

લેખક : સાહિત્યચન્દ્ર બાલચંદ હીરાચંદ (માલેગામ)

આપણે જોઇએ છીએ કે, બાલકો જ્યારે પહેલ વહેલા ચાલવાનો પ્રયત્ન કરે છે ત્યારે વારંવાર પડે છે. અથડાય છે. છતાં એ ફરી હસતે મોહોડે ઉઠી ચાલવાનો પ્રયત્ન કરે છે. કોઇકવાર એને કાંઇક વાગે છે. રડે છે પણ ખરા. છતાં ચાલવાનો પ્રયત્ન મૂકી દેતા નથી. ફરી પ્રયત્ન કરો એ સૂત્ર એના મગજમાં પૂરેપૂરી રીતે ઘર કરી બેઠેલું હોવાને લીધે એ વારંવાર પ્રયત્ન ચાલુ રાખે છે. અને અંતે એમાં યશ મળે છે જ. અને અંતે ચાલવા તો શું પણ દોડવા માંડે છે. વિદ્યાર્થી ભણતા વારેઘડી ભૂલો કરે જાય છે અને માસ્તરના ઠપકા પણ સાંભળે છે. પણ એવામાં જો એ ગભરાઇ અભ્યાસ કરવાનું મૂકી દે તો એની ઉન્નતિ શી રીતે થવાની ? પોતાની ભૂલો શી રીતે થઈ અને તે સુધારવા માટે કેવી જાતના પ્રયત્નો કરવા જોઇએ એ જ્યારે એના જાણવામાં આવે છે ત્યારે એજ વિદ્યાર્થી બીજાઓની ભૂલો બતાવવા સમર્થ બને છે. સ્ખલના અને એની સાથે વિનય મળી જતા એ ગુરુનું કામ કરે છે.

સંસારમાં પડતા જ્યારે વેપારમાં ખોટ આવે છે ત્યારે જો માણુસ માથે હાથ દઇ રડતો બેશે તો તેની ઉન્નતિ શી રીતે થાય ? જે કારણથી એને ખોટ આવી હોય તેને બારીકાઇથી તે શોધ કરી તે ભૂલ સુધારવા પ્રયત્ન કરે તો એની એ ભૂલ એક ગુરુનું કાર્ય કરી આપે છે. અને એવી ભૂલ ફરી નહીં કરવાનો એ નિશ્ચય કરે છે. અને એ પૂરેપૂરી સાવચેતી રાખે છે. જેમ નાનું બચ્ચું એકવાર અગ્નિના સ્પર્શથી દાઝી જાય છે, ત્યારે ફરી અગ્નિ તો શું પણ અગ્નિ જેવા જણાતા રંગીન પદાર્થને અડકતા અચકાય છે. તેથી જ અમો કહીએ છીએ કે, સ્ખલના કે ભૂલ એ જ્ઞાન વધારવાનું નિમિત્ત બની જાય છે.

માણુસે ધ્યાનમાં રાખવું જોઈએ કે, ભૂલો કરવાનો પણ આપણુને હક છે. ભૂલો થવાનો સંભવ છે માટે આપણે કોઇ ઉપયોગી કાર્ય કરવાનો પ્રયત્ન જ કરવો નહીં, એ બુદ્ધિ કેવી ! કોઇને નવું મકાન બાંધવા વિચાર થયો, તેવામાં એના મનમાં એવો વિચાર આવે કે આગળ જતાં ઘરમાં ઉંદરો પોતાના બીલો કરશે કીડીઓ થશે, મચ્છર અને માખીઓ થશે, માંકડ વધી જશે, ઘર સાચવવા માટે નોકરો રાખવા પડશે, માટે આપણે ઘરજ બાંધવું નહીં જોઇએ. એ કલ્પના કેવી અજ્ઞાનજન્ય અને મૂર્ખાઇ ભરેલી કેહેવાય !

કોઇને ભણવું હોય ત્યારે અમુક પાઠશાળામાં કે અમુક ગુરુ પાસે ભણુવાથી આપણુને જરૂર જ્ઞાન મળશે એવી શ્રદ્ધા હોવી જોઇએ. જોકે, હજુ જ્ઞાનનો એકડો પણ આવડતો ન હોય છતાં આપણે જે વિશ્વાસ કે શ્રદ્ધા રાખવી પડે તેને સમ્યક્દર્શન કહી શકાય કારણ પહેલા શ્રદ્ધા જન્મ્યા વિના ભણવા જાય જ કોણ ? એક વખત શ્રદ્ધા સારી રીતે જામી જાય ત્યારે તેમાં થતી સ્ખલના માટે માણુસ તૈયાર થઇ રહે છે. અને કાંઇ ભૂલ થતી હોય તો તેમાં આપણો પોતાનો જ દોષ હોવો જોઇએ, આપણે ભણાવનાર ગુરુનો નહીં. એવી શ્રદ્ધા જામતા આપણે જ્ઞાનમાં પ્રગતિ મેળવી શકીએ. એમાં જો આપણો વિનય કાંઇક મોળો પડે અને અહંનું ભૂત માથે ચઢી બેશે તો આપણુા ભણુતરનું ત્યાંજ પૂર્ણવિરામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળી જાય છે. એટલે આપણી ભૂલ જણાતા આપણામાં વિનયની માત્રા વધી જવી જોઈએ. તો જ આપણને કાંઈક આગળ વધવાનું બને. આપણી ભૂલોમાંથી પણ આપણે નવી પ્રેરણા મેળવતા શીખવું જોઈએ. તોજ આપણને સમ્યક્દર્શન પછી સમ્યક્જ્ઞાન મળવાનો સંભવ છે. આપણામાં જ્ઞાનની ખામી હોય, આપણું જ્ઞાન અધુરું હોય તો કદાચ ચાલે પણ શ્રદ્ધા કે દર્શનશુદ્ધિમાં આપણે અધુરા રહી જઈએ અને વિનય ભૂલી જઈએ તો આપણી ઉન્નતિ અશક્ય છે. આપણે હજુ અપૂર્ણ છીએ, અને શાસ્ત્રીય ભાષામાં આપણે છદ્મસ્થ છીએ એ કદાપિ ભૂલવું નહીં જોઈએ. આપણે આપણી ભૂલ કબૂલ કરતા જરાએ અચકાવું નહીં જોઈએ.

જેમનું મન શુદ્ધ નિર્મલ દર્પણ જેવું સ્વચ્છ હોય છે તેઓ પોતાની ભૂલ જણાતા તે કબૂલ રાખવામાં જરાય અચકાતાં નથી. તેઓ તો ઉલટા વધારે સાવચેત થઈ જાય છે અને એમના આત્મામાં જરા જેવી પણ કલુષિતતા હશે તે દૂર થઈ જાય છે. માટે ભૂલો થતાં નહીં ગભરાતા તેમાંથી નવું સુધરવાનું સાહિત્ય મેળવવું જોઈએ અને ભૂલનો ખુલ્લા દિલે એકરાર કરવો જોઈએ.

यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः એ પંક્તિનો અર્થ કોઈ નિષ્ક્રિય રહેવા માગનારા કે જેના માથે આળસ ચઢી બેઠેલો હોય એવા લોકો એવો કરે છે કે આપણે કંઈ કામ કરવાનો પ્રયત્ન કરીએ અને એમાં યશ ન મળે એમાં આપણો શો દોષ? એટલે આપણે તો પ્રયત્ન કરી ચુક્યા છીએ ત્યારે આપણો એમાં કોઈ જાતનો દોષ રહ્યોજ નથી. ત્યારે વારે ઘડી શા માટે આપણે એ કાર્ય કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ? આવી રીતે પોતા ઉપરની જવાબદારી ટાળવાનો જેઓ પ્રયત્ન કરે છે, તેઓ મોટી ભૂલ કરે કરે છે. આ વાક્યનો વાસ્તવિક અર્થ એવો તારવવો જોઈએ કે જેથી આપણે ફરી ફરી પ્રયત્ન કરવાને ઉત્તેજન મળે. મતલબ કે, આપણે કોઈ કાર્ય કરવા બેસીએ અને તેમાં સફળતા ન મળે ત્યારે આપણો શો દોષ છે તે શોધવા પ્રયત્વ કરવો જોઈએ. અને આપણી ભૂલની કે દોષની શોધ કરવી જોઈએ. અને એ આપણી ભૂલ સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. કોઈ પણ કાર્ય પૂરીરીતે સિદ્ધ કરવા કમર કસવી જોઈએ. એવી કાર્યસિદ્ધિની ચિવટ અને તાલાવેલી કે દ્રઢતા રાખ્યા વિના આપણે પુરૂ યશ મેળવી શકીશું નહીં સંપૂર્ણ યશ મેળવવા માટે તો સંપૂર્ણ રીતે ચિવટાઈ રાખવી પડશે. **कार्यं वा साधयेत् देहं वा पातयेत।** ભલે આપણા કાર્યમાં આપણા શરીરનું પણ બલિદાન કરવાનો પ્રસંગ આવે તો પણ આપણું કાર્ય તો આપણે સાધવાના જ. એવી ચિવટ હોય તોજ આપણે યશોભાગી થવાના —અન્યથા નહીં.

અત્યારસુધી જગતમાં જે જે મહાપુરૂષો થઈ ગયા અને જેમના વખાણ જ્ઞાનીઓએ મુક્તકંઠે કરેલા છે તેઓએ એવીજ તીવ્ર ભાવનાના યોગે પોતાનું આત્મકલ્યાણનું કાર્ય સાધ્ય કરી બતાવેલું છે. જે લોકો જરા જરા જેવી અડચણો કે અગવડોથી ગભરાઈને પોતાના કાર્યથી પાછા પડી ગયા તેઓ કાયમને માટે પોતાનો માર્ગ ચુકી ગયા અને નિરાશ થઈ બેઠા છે. માટેજ અમો કહીએ છીએ કે ભૂલોથી ગભરાઈ નહીં જતા તેમાંથી માર્ગ કાઢવા શીખવું જોઈએ. નદી વહે છે. તેની વચ્ચે અનેક જાતના અવરોધોનો સામનો કરવો પડે છે, છતાં એ પોતાનું વહેણ ગમે તેવા પ્રસંગોમાં પણ ચાલુ રાખે છે, એ આપણે નિત્ય જોઈએ છીએ. એ દાખલો આપણે સામે કેમ ન મૂકવો?

વિજ્ઞાનના સંશોધનો કરતા ક્ષણે ક્ષણે અવરોધો આવ્યા જ કરે છે. તેઓ ઘડી ઘડી ભૂલો કરે છે. પણ તેથી તેઓ ગભરાતા નથી. તેઓનો નિશ્ચય એક જ હોય છે. અને તે એ કે પોતાના કાર્યમાં અંતિમ સિદ્ધિ મેળવવી! અને એવા નિશ્ચયના બળે તેઓ યશસ્વી બને છેજ. ભાગીરથી નદીને અમુક માર્ગે વહેવા લગાડવી છે એ કૃતનિશ્ચયથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેક પેઢીઓએ પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું અને આખરે ભગીરથે છેલ્લે યશ મેળવ્યો. અને ભાગીરથીને પોતાની ઇચ્છા મુજબ વહેતી કરી. તેથી જ તે નદીને ભાગીરથી એવું નામ મળ્યું અને તેથી જ કોઇપણ દીર્ઘ પ્રયત્નને ભગીરથ પ્રયત્ન એવું સાર્થ નામ અપાય છે.

એક રસાયનશાસ્ત્રીને અમુક જાતના રંગની શોધ કરવાની હતી. તે માટે એણે પોતાના ઘરમાંની મૂલ્યવાન વસ્તુઓ વેચવા માંડી. આખરે પોતાને બેસવાની ખુરશી ટેબલ પણ વેચી નાંખ્યા. એ શોધની અંતિમ અવસ્થામાં એણે ઘરના બારી-બારણાઓ પણ વેચી નાખ્યા અને આખરે એને તેમાં યશ મળ્યો. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે કાર્યસિદ્ધિ માટે કેસરિયા કરવા પડે. એમાં પાછી પાની કરી ન ચાલે. અંતિમ યશની કલગી માથે ચઢાવવાનું જ ધ્યેય નજર સામે રાખવું જોઇએ.

કાર્ય સંસારનું, ઐહિક સુખ વૈભવ કે મોટાઇ મેળવવાનું હોય કે પછી તે ધર્મ સાધવાનું હોય તેમાં જ્યારે એકતાનતા અને એકરૂપતા થાય છે ત્યારે જ તેમાં યશ મળવાનો સંભવ હોય છે. આ કામ મારાથી કેમ થશે ? હું ઘડીભર ભૂખ્યો રહી શકતો નથી ત્યાં ઉપવાસ શી રીતે કરી શકીશ ? એવી ન્યૂનગંડની ભાવનાને જ આપણે વળગી બેસીએ ત્યારે આપણાથી કોઇપણ કાર્યમાં સિદ્ધિ કેમ મળે ? બીજાઓ જે કાર્ય સ્હેજે કરી જાય છે તે વ્રત, તપ કે સાધના આપણાથી શામાટે ન થાય ? આપણે પણ બીજાના જેવાજ માનવી છીએ અને આપણામાં પણ એવી જ શક્તિ કે લાયકાત છે ત્યારે આપણે પણ દઢતાપૂર્વક સાધના કરવા માંડ-વામાં હરકત શી ? આપણી સામે જ આપણા જેવા માનવો કોઇ કાર્યમાં યશ ખાટી જાય અને આપણે મ્હોં જોતા જ રહી જઇએ એ કેમ બને ! ઈર્ષ્યા કરવી એ જો કે દોષ છે. પણ આપણા આત્માની ઉન્નતિ સાધવામાં તે યત્કિંચિત પણ સહાયભૂત થતી હોય ક્ષણવાર તેનો અવલંબ કરવો પણ યોગ્ય થઇ પડે. અંતે એ દોષ કાઢી નાખવા માટે ઝાઝા પ્રયત્નની આવશ્યકતા પણ ન રહે.

આગળ જતા વિઘ્નો આવશે એમ માની ઘણાઓ સારા કામનો આરંભ જ કરતા નથી. તેમ વિઘ્ન આવી પડતા ઘણા છોડી દોડી જાય છે. પણ કેટલા-એક વિરલાઓ એવા હોય છે કે, તેઓને વિઘ્ન આવી પડતા વધુ બળ મળે છે. અને તે વિઘ્નનો સામનો બમણા જોરથી કરે છે. અને પોતાનો સુપ્ત પુરુષાર્થ બતાવવા તત્પર થાય છે પુણ્યાત્માઓ પુણ્ય કરતા અને પુરૂષાર્થ ફેરવતા કદી પણ થાકતા નથી–આપણે પણ એમ કરીએ તો એટલું બધું કાર્ય આપણા માથે થઇ જશે કે, આપણે પણ તે જોઇ આશ્ચર્યમાં પડી જઇશું

અમારા વાચક બંધુ ભગિનીઓની આવરાઈ રહેલી એ પ્રસુપ્તશક્તિ જાગૃત થાય અને એમના હાથે સારા કાર્યો થતા રહે એજ શુભેચ્છાથી વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત્ર આજનો દિન

ડેઇલ કાર્નેગી

(આપણને બધાંને આપણી આળસ મંદતા, અનિર્ણાયકતા, માંદગી, સાંયોગિક મુશ્કેલીઓ, વસ્તુઓનો અભાવ, મનની વિવિધ લાગણીઓ, રોષ, ઇર્ષ્યા વગેરે પીડતાં હોય છે. પણ મોટે ભાગે એનો દોષ આપણે બહારના સંજોગો પર, પરિસ્થિતિ પર કે પછી બીજી ત્રીજી વ્યકિત પર ઢોળી દઇએ છીએ, એને બદલે રોજ સવારે જો આપણે આપણી જાતને સારૂં આટલું કરી શકીએ......તો જિંદગી કેટલી વધુ સુખપૂર્ણ, સમૃદ્ધ અને કૃતાર્થ બને !)

૧. માત્ર આજનો દિન હું આનંદમાં રહીશ. આનો અર્થ એમ થાય છે કે અબ્રાહમ લિંકને જે કહેલું તે સાચું હતું કે 'મોટા ભાગના લોકો પોતાના મન સાથે નક્કી કરે તેટલા સુખી થઇ શકે છે. સુખી હોવું એ એક આંતરિક બાબત છે, એને બહારની વસ્તુઓ સાથે કાંઇ સંબંધ નથી.

૨. માત્ર આજનો દિવસ, જે પરિસ્થિતિ છે તેની સાથે મારી જાતને ગોઠવવાનો પ્રયાસ કરીશ અને બધી વસ્તુને મારી ઇચ્છાને અનુરૂપ ગોઠવવાનો પ્રયત્ન નહિ કરું. મારું કુટુમ્બ, મારો વ્યવસાય અને મારું કિસ્મત એ–બધાંને તે જે સ્વરૂપમાં મારી સામે આવે તે સ્વરૂપમાં સ્વીકારીશ અને મારી જાતને તેને સાનુકૂળ બનાવીશ.

૩. માત્ર આજનો દિવસ હું મારા શરીરની સંભાળ લઇશ, એની કાળજી લઇશ, એને પોષણ આપીશ, એની નિંદા કે ઉપેક્ષા નહિ કરું જેથી મારા કામ માટે તે એક ઉત્તમ સાધન બની શકે.

૪. માત્ર આજનો દિવસ હું મારી મનોશક્તિ મજબૂત બનાવવાનો પ્રયાસ કરીશ. હું કાંઇક ઉપયોગી શીખીશ. નિરુદ્દેશ્ય માનસિક ભ્રમણો નહિ કરું. હું એવું કશુંક વાંચીશ જેને સમજવામાં પ્રયત્ન, એકાગ્રતા અને ચિંતનની જરૂર પડે.

૫. ફક્ત આજનો દિવસ મારા આત્માને હું ત્રણ રીતે તાલીમ આપીશ. હું કોઇકનું ભલું કરીશ અને એનાથી અજાણ રહીશ. જે કામ કરવાનો મને કંટાળો આવતો હોય, તેવા બે કામ, માત્ર તાલીમ લેવા ખાતર પણ હું અવશ્ય કરીશ.

૬. આજનો દિવસ હું સુઘડ ને મિલનસાર રહીશ. મારો દેખાવ સારામાં સારો લાગે તેવી કોશિષ કરીશ. સારામાં સારી રીતે વસ્ત્રો પહેરીશ. ધીમા અવાજે વાત કરીશ, વિનયથી વર્તીશ, મોકળે મને પ્રશંસા કરીશ, નિંદા તો જરાય નહિ કરૂં, ન બીજાનો દોષ કાઢવાનો પ્રયાસ કરીશ અને બીજાને સુધારવાનો કે બીજાપર નિયંત્રણ રાખવાનો પ્રયત્ન પણ નહિં કરૂં.

૭. માત્ર આજનો દિવસ, આજની જિંદગી જ હું જીવીશ. એક દિવસમાં આખી જિંદગીની સમસ્યા ઉકેલવાનો પ્રયાસ નહિ કરૂં.

૮. માત્ર આજનો દિવસ હું મારે માટે કાર્યક્રમ બનાવીશ. આખા દિવસમાં નક્કી કરેલે સમયે હું શું કરવા ધારૂં છું તે લખી લઇશ. કદાચ એનું સપૂર્ણ પાલન ન કરી શકું. પણ હું કાર્યક્રમ તો ઘડીશ. એથી બે વસ્તુનું નિવારણ થશે. ઉતાવળનું અને અનિર્ણયકતાનું.

૯. ફક્ત આજનો દિવસ હું અડધો કલાક શાંત પણે એકાંતમાં ગાળીશ. આ અડધા કલાકમાં હું પ્રભુ કે આત્માનું ચિંતન કરીશ જેથી મારી જિંદગી વિષેનું મારૂં દર્શન કંઇક વધુ સ્પષ્ટ બને.

૧૦. માત્ર આજનો દિવસ હું નિર્ભય રહીશ, ઓછામાં ઓછું આનંદમાં રહેતાં રહેતાં હું ડરીશ નહિ, જે સૌંદર્યપૂર્ણ છે તેનો આનંદ માણીશ સ્નેહ કરીશ અને માનીશ કે જેમને હું ચાહું છું તેઓ મને પણ ચાહે છે.

તમે જો આનંદપૂર્વક વિચારશો ને આનંદપૂર્વક કામ કરશો તો ખરેખર જરૂર આનંદની લાગણી અનુભવી શકશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. સાહિત્યોપાસક 'સુશીલ'નો જીવનપરિચય

પરમાણંદ

ગુજરાતી સાહિત્યના આજીવન ઉપાસક શ્રી ભીમજીભાઇ સુશીલનું તા. ૧૫-૫-૬૧ ના રોજ ૭૩ વર્ષની ઉમ્મરે ભાવનગર ખાતે અવસાન થયું. તેમનું આખું નામ ભીમજીભાઇ હરજીવન પારેખ. 'સુશીલ'એ લેખક તરીકેનું તેમનું ઉપનામ હતું. તેમના મિત્રો, સ્વજનો તેમને ભીમજીભાઇ યા સુશીલના નામથી સંબોધતા.

તેમનો જન્મ ઇ. સ. ૧૮૮૮ના જાન્યુઆરી માસની ૧૮ મી તારીખે સૌરાષ્ટ્રમાં આવેલા લીંબડી મુકામે થયો હતો. જન્મે તેઓ જૈન હતા. 'ગ્રંથ અને ગ્રંથકાર'માં તેમની જીવનકારકીર્દી અંગે જે વિગતો આપવામાં આવી છે તે મુજબ તેમણે લીંબડીની હાઇસ્કૂલમાં માત્ર અંગ્રેજી ચાર ધોરણ સુધી જ અભ્યાસ કરેલો. ત્યાર બાદ અમદાવાદની એક જૈન પાઠશાળામાંતત્વજ્ઞાનના અભ્યાસ માટે તેઓ દાખલ થયેલા અને તે દિશાએ જિજ્ઞાસા વધતાં કાશીની યશોવિજયજી જૈન પાઠશાળામાં દાખલ થઇને તેમણે પોતાનો અભ્યાસ આગળ વધારેલો અને સંસ્કૃત તેમજ અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ સાથે સાથે સંપાદિત કરેલું. આ દરમિયાન સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનોની તેમના ઉપર ભારે બળવાન અસર પડેલી અને સ્વામી રામતીર્થના ચરિત્રથી તેઓ ખૂબ પ્રભાવિત બનેલા, આમાં પણ સ્વ. વિજયધર્મસૂરીએ તેમના જીવનઘડતરમાં સૌથી વધારે મહત્વનો ભાગ ભજવ્યો હતો.

કાશીના નિવાસ દરમિયાન જેટલું શકય હતું તેટલું જ્ઞાન સંપાદન કરીને તેઓ સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા અને લેખનપ્રવૃત્તિને તેમણે પોતાનો મુખ્ય વ્યવસાય બનાવ્યો. જુદા જુદા સામયિકોમાં તેમણે લખવા માંડયું અને એક ઉચ્ચ કોટિના લેખક તરીકે તેમની નામના ચોતરફ વધવા લાગી. લેખનપ્રવૃત્તિના અંગે તેઓ સામાજિક તેમ જ રાજકીય કાર્યકર્તાઓના પરિચયમાં આવતા થયા અને રાજકારણી રંગે રંગાવા લાગ્યા. ૧૯૩૦-૩૨ ની કાનૂનભંગની લડતમાં તેઓ સામેલ થયેલા અને ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં પકડાયેલા, જેના પરિણામે છ મહિનાની જેલયાત્રા તેમના ભાગ આવેલી.

આમ છતાં તેમના જીવનની મુખ્ય પ્રવૃત્તિ તો સાહિત્યક અને તેમાં પણ વિશેષે કરીને પત્રકારિત્વ સાથે જ જોડાયલી રહી. સામયિકોમાં, 'કચ્છ કેસરી,' 'જૈન', 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ', 'જય સ્વદેશી' (સાપ્તાહિકો), 'જય સ્વદેશી' (પાક્ષિક), અને 'જૈન પતાકા' 'યુગધર્મ' અને 'આનંદ' (માસિકો) આદિ પત્રોના તેમણે જુદા જુદા સમયે સહાયક તંત્રી તરીકે કામ કર્યું હતું. તેમાં પણ 'જૈન' સાપ્તાહિકના શરૂઆતનાં ત્રણ ચાર પાનાંની તંત્રીનોંધો તેમણે વર્ષો સુધી લખી હતી અને આ નોંધો દ્વારા તેમણે જૈન સમાજની તેમ જ વિશાળ રાષ્ટ્રના અનેક પ્રશ્નોની તથા મહત્ત્વની ઘટનાઓની વિચારપ્રેરક તેમ જ માર્મિક આલોચના કરી હતી.

આ ઉપરાંત તેમણે નાનાં મોટાં અનેક પુસ્તકો લખ્યાં છે. જેમાં ૭ જીવનચરિત્રોનો, ૨ ઐતિહાસિક પુસ્તકોનો, ૧૦ કથા સંગ્રહોનો, ૧૩ મોટી કથાઓનો અને ૧૨ અન્ય ગ્રંથોનો સમાવેશ થાય છે. આમાં ચાર પુસ્તકો બંગાળી ઉપરથી અને એક મરાઠી ઉપરથી અને એક સંસ્કૃત ઉપરથી લખાયેલાં છે. આ વિગતો તેમની સાહિત્ય ઉપાસનાની ભવ્યતા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશાળતાનો સચોટ ખ્યાલ આપવા માટે પૂરતી છે

આ સાહિત્યવિભૂતિનું દેહાવસાન ગયા મહિનાની પંદરમી તારીખે થયું, પણ સાહિત્ય લેખક તરીકેનું અવસાન તો આજથી ૧૩ યા ૧૪ વર્ષ પહેલાં જ્યારે તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેમણે 'જૈન' પત્રની તંત્રીનોંધ લખવાનું છોડી દીધુ ત્યારથી થઇ ચૂકયું હતું. એ બગડેલી તબિયત પછી કદિ સુધરી જ નહિ. સમય જતાં તેમના શરીર ઉપર પક્ષઘાતની અસર થઇ, અને હલનચલન ઉપર એકાએક મર્યાદા મૂકાણી. આ પરિસ્થિતિમાં તેમની સારસંભાળ લેવાનું બહુ મુશ્કેલ બની ગયું. કારણ કે તેમણે લગ્ન નહિ કરવાનો સંકલ્પ લગભગ જીવનના પ્રારંભથી જ કર્યો હતો અને તે મુજબ તેઓ જિંદગી ભર અપરિણીત જ રહ્યા હતા. આજથી દશ વર્ષ પહેલા તેઓ જ્યારે પક્ષઘાતના અથવા તો કંપવાના ભોગ બન્યા ત્યારે સદ્ભાગ્યે સૌરાષ્ટ્ર સરકારે તેમની વર્ષોભરની અખંડ સાહિત્યસેવાની કદર કરીને તેમને અમુક આર્થિક મદદ આપી અને ભાવનગરના સર તખ્તસિંહજી હોસ્પિટલમાં એક અલાયદા રૂમમાં કશા પણ વળતર સિવાય અનિયત મુદત માટે રહેવા, ખાવા વગેરેની જરૂરી બધી સગવડ કરી આપી અને જીવનનોઅવશેષ કાળ તેમણે ત્યાં જ વ્યતીત કર્યો.

આમ લેખનકાર્ય પૂરતા તેમના સાહિત્યિકજીવનનો આજથી લગભગ તેર ચૌદ વર્ષ પહેલાં અંત આવેલો, પણ હાથ ઉપર આવતું ભિન્ન ભિન્ન પ્રકારનું સાહિત્ય વાંચતા રહેવાનું, તેમજ મિત્રોને મળવા હળવાનું અને તેમની સાથે અનેક વિષયો ઉપર ચર્ચાઓ કરવાનું, પાછળનો અમુક શેષકાળ બાદ કરતાં ઠેઠ સુધી ચાલુ હતું. શ્રી ભીમજીભાઇ સાથે મને ઘણાં વર્ષોનો પરિચય હતો. ભાવનગર જાઉં ત્યારે તેમને એક બે વાર મળવાનું બને જ, અને તેમને મળવું એટલે અનેક બાબતો અંગે તેમની સાથે વિચારવિનિમય કરવો. આ પ્રક્રિયા દરમિયાન તેમની પાસેથી સાહિત્યવિષયક પુષ્કળ માહિતી મળતી અને સામાયિક પ્રશ્નો પર પણ તેમની પાસેથી હંમેશાં કાંઇ ને કાંઇ નવો પ્રકાશ લાધતો. તેઓ ચિન્તક અને વિચારક હતા અને તેમનું વાંચન ગુજરાતી તથા બંગાળી સાહિત્યના વિશાળ ક્ષેત્રને ગાઢપણે સ્પર્શેલું હતું. સ્વ. મેઘાણીના તેમ જ સ્વ અમૃતલાલ દલપતભાઇ શેઠના તેઓ નિકટવર્તી મિત્ર હતા. જૈન સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા. વળી તેઓ આજીવન અપરિણીત હોવા છતાં સામાન્ય રીતે જોવામાં આવે છે તે મુજબ તેઓ શુષ્ક, કડક વ્રતધારી, કે સંસાર વિષે વૈરાગી નહોતા હળવી–અતિ ગંભીર નહિ એવી–ભૂમિકા ઉપર જીવનને જાણવું અને માણવું–આવી તેમની જીવનપદ્ધતિ હતી. ચા, પાન તથા તમાકુનું તેમને ચાલુ વ્યસન હતું. સાહિત્યનિષ્ઠા તેમના જીવનનો પ્રધાનસૂર હતો. સુરૂચિ, રસિકતા, પ્રસન્નતા તેમની પ્રકૃતિને સહજપણે વરેલી હતી. તેમની સાથેના વાર્તાલાપમાં વિનોદ માર્મિકતાનાં તત્ત્વો, હંમેશા તાણાવાણા માફક વણાયેલાં રહેતાં. જૂનવાણી સમાજ અને આજની જરીપુરાણી સાધુસંસ્થા સામે તેમના કટાક્ષો ચાલ્યા જ કરતા હતા. તેમનું જીવન સાદું અને સરળ હતું. તેમનો સ્વભાવ ખૂબ પ્રેમાળ હતો. મહત્વાકાંક્ષા તેમની અતિ મર્યાદિત હતી અને 'હું એક ભારે આદર્શ જીવન જીવી રહ્યો છું.' એવો કદી પણ તેમનો દાવો નહોતો. મર્યાદિત ક્ષેત્રમાં રહીને અથવા તો એ મર્યાદાને સ્વેચ્છાએ સ્વીકારીને જૈન સમાજની અને ગુજરાતી સાહિત્યની અને તેમાં પણ વિશેષ કરીને જૈન કથાસાહિત્યની તેમણે અનુપમ સેવા બજાવી હતી તેમના અવસાનથી મને એક અંગત સ્નેહીની અને આપણા વિશાળ સમાજને એક આજીવન સાહિત્યોપાસકની–એક શાન્ત, સ્વસ્થ, પ્રસન્ન માનવીની ખોટ પડી છે.

તેમના લાંબા હોસ્પીટલનિવાસ દરમિયાન પણ જ્યારે જ્યારે ભાવનગર જવાનું બનતું ત્યારે ત્યારે મોટા ભાગે હું તેમની પાસે જતો અને સાહિત્યના એ શતદલ કમળ જેવા ભીમજીભાઇની પાંખડીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂર્ય હસતો હતો !

રાધાકૃષ્ણ

હસતાં હસતાં સૂર્ય ઉદય થવાની તૈયારી કરી રહ્યો હતો.

એને જોઇને એક અધ્યાપકે ઉલ્લાસભર્યા સ્વરે કહ્યું : ઓહો, દેખાવે તું કેવો તેજસ્વી લાગે છે! પૃથ્વી પર જઇ રહ્યો છે તે પહેલાં થોડો અભ્યાસ તો કરી લે.'

સૂર્યે હસીને તેના તરફ જોયું.

અધ્યાપક મહોદય બોલવા લાગ્યા : 'હું કલા અને વિજ્ઞાન બનેનું શિક્ષણ આપું છું. હું તને દર્શનશાસ્ત્રની એવી ગૂઢ વાતો બતાવીશ કે જેમાં જીવનની અદ્દભુતતા અને વિચિત્રતા બનેનો ખ્યાલ આવે છે. ખરી રીતે તો મૂંઝવણોમાંથી અને સમસ્યાઓમાંથી બચવા માટે જાણે કે દર્શનશાસ્ત્રોમાં વધુ મોટી મૂંઝવણો અને સમસ્યાઓની સૃષ્ટિ ઊભી કરવામાં આવી છે. હું તને એ વિજ્ઞાન પણ શીખવીશ કે જેમાં વિનાશ કરતી વખતે, સર્જન કરતી મારતી અને જિવાડતી બંને પ્રકારની વાતો મળે છે. હું તને અર્થસાસ્ત્રનું શિક્ષણ પણ આપીશ. એની 'ડિમાન્ડ' અને 'સપ્લાયની' થિયરી વાંચીને તને સમજાશે કે જેને જરૂર છે એને મફત કિરણો આપી દેવાથી કંઇ લાભ થતો નથી. હું તને મનોવિજ્ઞાન શીખવીશ કે જેને વાંચીને અત્યાર સુધીની બધી અધ્યાત્મિક વાતોને તું ભૂલી જઇશ. ઇચ્છા હશે તેટલું એન્થ્રોપોલોજી પણ શીખી શકશે અને એથી તને ખબર પડશે કે માણસ માણસ વચ્ચે કેટલું અંતર છે. હું તને જાહેર આરોગ્ય સંબંધે પણ માહિતી આપીશ. અને તને ખબર પડશે કે જનતાના આરોગ્ય માટે તારી કેટલી જરૂર છે. આ શિક્ષણ મેળવીને તું જાહેર આરોગ્ય ખાતા પાસેથી આર્થિક સહાય પણ મેળવી શકશે નોકરી જોઇતી હશે તો એ મેળવવામાં પણ મુસ્કેલી નહિ નડે.

પણ સૂર્યે એની વાત પર કોઇ ધ્યાન ન આપ્યું, એ આગળ જવા લાગ્યો.

ઉત્તરોત્તર એક પછી એક ખરતી જતી જોઇને ગ્લાનિ અનુભવતો. જેમની પાસે જઇએ તો વાતોનો છેડો જ ન આવે. તેમની સાથે તબિયતના ખબર અન્તર પૂછવાથી ભાગ્યે જ વિશેષ કોઈ વાત ચાલે અને વખત જતાં તે પણ મુશ્કેલ બનતું ગયું. તેઓ શું કહે છે તે સમજવું કઠણ બનતું ગયું. આવી તેમની અસહાય દશા જોઇને મન ગમગીન બની જતું. આવા અર્થશૂન્ય પ્રયોજનશૂન્ય જીવનનો હવે અન્ત આવ્યો છે તે જાણી તે સાંભળીને મન શોકાતુર બનવા છતાં પણ એક પ્રકારની રાહત અનુભવે છે. આ સુચરિત સાહિત્યપરિણીત વ્યક્તિનો સ્થૂળ દેહનો વિલય થયો છે, પણ તેનો સાહિત્યદેહ અક્ષરદેહ–કંઈ કાળ સુધી જીવન્ત રહેવાનો છે અને આગામી સાહિત્યાભિમુખ પેઢીને પ્રેરણા આપવાનો છે એમાં કોઈ શક નથી.

('પ્રબુદ્ધજીવન'માંથી ઉદ્ધૃત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂર્યને જતો જોઈને એક વેપારી આગળ આવ્યો એણે પ્રણામ કરીને બોલવા માંડ્યું : 'મહોદય, જતાં જતાં મારી એક વાત સાંભળતા જાવ. તમારી ઇચ્છા હોય તો તમે તમારા કિરણોને રોકડા પૈસા લઈને અથવા તો રોયલ્ટીના ધોરણે અમને વેચી શકો છો. હું એને ડબામાં પેક કરીને એના પર સરસ લેબલ લગાડીશ, હું એની પેટન્ટ કઢાવી લઈશ કે જેથી બીજો કોઈ એનો ઉપયોગ કરી શકશે નહિ. અનેક જગ્યાએ એની એજન્સીઓ ખૂલશે અને દુનિયાભરમાં એનું મોટા પ્રમાણમાં વેચાણ થશે. આમાંથી ઘણા પૈસા મળશે સમજ્યાને? દુનિયામાં કંઈ કમાણી કરવાની ઈચ્છા હોય તો....

પણ સૂર્યે એની વાત ઉપર ધ્યાન જ આપ્યું નહિ, એ તો હસીને આગળ જવા લાગ્યો.'

એ પછી પવિત્ર જીવન ગાળતા એક પંડિત મળ્યા. એમણે કહ્યું : 'હે પૂજ્યવર સૂર્ય દેવતા, તું તારા કિરણો આપવામાં આચાર અને નીતિનો કંઈક વિચાર કર. જેનું આચરણ પવિત્ર હોય એજ તારા કિરણોનો અધિકારી બની શકે. અપવિત્ર જીવન જીવતા ગામના ખરાબ ચારિત્ર્યવાળા લોકોને તારા કિરણો તારે એમ જ દેવા ન જોઈએ. મારી વાત પર તું વિચાર કર'....

પણ સૂર્ય તો પહેલાંની માફક હસતો જ આગળ જઈ રહ્યો હતો.

*

આગળ જતાં એક અમલદાર મળ્યો, એણે કહ્યું : 'શ્રીમાન, તારા ઢંગ કંઈ બહુ સારા નથી લાગતા. બધા અમલદારોને તું તો એક સરખી રીતે જ કિરણો આપે છે. પણ અમલદારો અનેક પ્રકારના હોય છે. અત્યારે આઈ. સી. એસ, અમલદારો ઘણા ઓછા છે તો એમાં શું થયું? આઈ. એ. એસ. કરતાં એ જરા વધુ ઉપયોગી ગણાય છે એટલું જ. એ પછી ડે. કલેક્ટર આવે છે. એમાં એક–બે એવા ઘણા વર્ગો જ છે. તને એટલી જ પ્રાર્થના કરવાની છે કે તું 'સિવિલ લિસ્ટ' જોઈને દરેકને યોગ્યતા અનુસાર કિરણો આપ. જો તું તારા કિરણોની યોગ્ય વહેંચણી કરવા ઈચ્છતો હો તો...'

*

પરંતુ સૂર્ય હસતો હતો અને આગળ જઈ રહ્યો હતો.

ખૂબ દૂર આગળ જઈ પહોંચતાં ત્યાં એક સૈનિક દળ ઊભું હતું, સૂર્યને એમણે પોતાની સંગીનો હલાવી અને કહ્યું : 'હોલ્ટ, રૂકો. અમારા દેશની સરહદ અહીં સુધી જ છે. કેટલા દેશોને પાર કરીને તું અહીં સુધી આવી ગયો, પણ હવે તું આગળ જાય એમાં અમને કંઈ લાભ નથી. કૃપા કરીને અહીં જ રોકાઈ જા. આગળ જવામાં તકલીફ ઉઠાવવાની જરૂર નથી.'

આમ છતાંયે સૂર્ય હસતો હતો અને આગળ જઈ રહ્યો હતો.

*

એ પછી જ્યારે સૂર્યોદય થયો ત્યારે દરેક જગ્યાએ એની છબી છવાઈ ગઈ હતી. ઊંચ–નીચ, અમીર ગરીબ, પવિત્ર–અપવિત્ર બધા જ એનાં કિરણોનો સરખો લાભ ઉઠાવી રહ્યા હતા.

(જન્મભૂમિ પ્રવાસીમાંથી સાભાર ઉધ્ધૃત)

*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વ સિદ્ધિચેં કારણ

કાકા કાલેલકર

પહેલવહેલી વાર હું ગાંધીજીને મળ્યો અને એમણે મને આશ્રમમાં દાખલ થવા માટે આમંત્રણ આપ્યું ત્યારે મેં કહ્યું : 'તમારી અહિંસા ઉપર મારો વિશ્વાસ હજુ બેસતો નથી. અહિંસામય જીવન પરમાનુકૂલ છે, ઉન્નતિકારક છે—એટલું તો હું જોઈ શકયો છું. એ તરફ મને આકર્ષણ પણ છે. પણ હું એમ નથી માનતો કે અહિંસા આપણને સ્વરાજ અપાવશે. સ્વરાજ્ય મને સૌથી વહાલું છે–એને માટે હું હિંસા કરવા પણ તૈયાર થઉં, અને પછી પાછળથી ચાણકયની જેમ પ્રાયશ્ચિત પણ કરી લઉં. એવી સ્થિતિમાં તમે મને તમારા આશ્રમમાં શી રીતે લઈ શકો ?'

ગાંધીજી સ્મિત કરતા બોલ્યા : 'તમારા જે વિચાર છે તે આખી દુનિયાના છે. તમને આશ્રમમાં ન લઉં તો કોને લઉં ? હું જાણું છું કે બહુમત તમારો છે પણ હું સુધારક છું. આજે અલ્પમતિમાં છું. આથી મારે ધીરજ સાથે રાહ જોવી જોઈએ સુધારક બહુમતની વાત સહન ન કરે તો દુનિયામાં એને બહિષ્કૃત થઈને રહેવું પડે.'

ઉપલા જવાબમાં ગાંધીજીએ સરસ રીતે સમજાવી દીધું કે સુધારકનો ધર્મ શું છે.

કોઈએ ગાંધીજીને પૂછયું : 'તમારા ખ્યાલ પ્રમાણે વિનોદને જીવનમાં કેટલું સ્થાન હોઈ શકે ?' ગાંધીજીએ કહ્યું : 'આજે તો હું મહાત્મા બની બેઠો છું, પણ મારે જિંદગીમાં હમેશાં મુશ્કેલીઓ સાથે લડવું પડયું છે. પગલે પગલે નિરાશ થવું પડયું છે. એ વખતે, મારામાં વિનોદ ન હોત તો મેં કયારનીયે આત્મહત્યા કરી લીધી હોત મારી વિનોદશક્તિએજ મને નિરાશામાંથી બચાવ્યો છે.'

આ જવાબમાં ગાંધીજીએ જે વિનોદશક્તિનો વિચાર કર્યો છે તે કેવળ શાબ્દિક ચમત્કાર દ્વારા લોકોને હસાવવાની જ વાત નથી પણ લાખ લાખ નિરાશાઓની વચ્ચે અમર આશાને જીવિત રાખનારી આસ્તિકતાની વાત છે. નાનાં બાળકો જ્યારે ભૂલ કરે છે, તોફાન કરે છે ત્યારે આપણે એની પર ગુસ્સો નથી કરતાં. મનમાં વિચારીએ છીએ–બાળકો તો એવાં જ હોય. એમાં મિજાજ ખોવાની શી જરૂર છે ? બાળકો સમજતાં શીખશે ત્યારે પોતાની ભૂલો જાતે જ સમજી લેશે.

સુધારકના હૃદયમાં એ અતૂટ વિશ્વાસ હોવો જોઈએ કે દુનિયા ધીમે ધીમે સુધરી જશે. એ પણ બાળક જ છે તો !

મને એક પ્રસંગ યાદ આવે છે. એકવાર અમે મુસાફરી કરી રહ્યા હતા. રસ્તામાં એક સાથીની પેટી ગાયબ થઈ ગઈ. એ ખૂબ ગુસ્સે થયા. બધા પર નારાજ થયા. છેવટ મારી પાસે આવ્યા. ઊંચે અવાજે એમણે આખી વાત કહી સંભળાવી. મેં એમને શાંતિથી કહ્યું : 'ઘણા ખેદની વાત છે કે તમે તમારી પેટી ખોઈ નાખી. પણ મને એ નથી સમજાતું કે પેટીની સાથે તમે તમારો મિજાજ પણ કેમ ખોઈ નાખ્યો ?' આ સાંભળી અમારા સાથીઓ હસી પડયા. એમનો ખોવાયેલો મિજાજ તરત પાછો મળી ગયો. એ પછી ગભરાયેલા નોકર–ચાકરોનો દિમાગ પણ ઠેકાણે આવ્યો અને ઠીક ઠીક મહેનત પછી એમની પેટી પણ મળી ગઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં જોયું કે જિંદગીમાં મનુષ્યના નસીબમાં હાર–જીત આવે જ છે. ઘણીવાર માણસ પોતાની મૂડી ખોઈ બેસે છે, કુટુંબ ખોઈ બેસે છે, પણ છેવટની એની મૂડી તો એનો મિજાજ છે. જ્યાં સુધી માણસ મિજાજ ન ખૂએ ત્યાં સુધી એણે નિરાશ થવાની જરૂર નથી.

સુધારક તો હંમેશાં લઘુમતિમાં જ હોય છે. રૂઢીવાદીઓ જ બહુમતિમાં હોય છે. અધિકાર-સંપન્ન હોય છે. એવી સ્થિતિમાં દુનિયા સાથે દોસ્તી રાખવી, નારાજ ન થવું અને મિજાજ ન ખોતાં પોતાનો હાથ ઉપર રાખવો–એને માટે સાધ્ય છે જે હમેશાં હસતો ચહેરો રાખે છે અને પ્રસન્નતાથી લોકો સાથે વ્યવહાર કરે છે.

સમ્રાટ ચંદ્રગુપ્તના મુખ્ય અમાત્ય ચાણક્યને કોઈએ જઈને ગભરાતાં ગભરાતાં કહ્યું : 'સ્વામિન્ તમારા સાથીઓએ તમને દગો દીધો છે. એ લોકો શત્રુઓમાં જઈને મળી ગયા છે. તમારી સેના પણ તમને છોડીને શત્રુ પાસે જવાની તૈયારી કરી રહી છે.' ચાણક્યે શાંતિથી ઉત્તર આપ્યો : 'બીજા કોઈને પણ જવું હોય તો ભલે જાય. મારી બુદ્ધિ માત્ર મને ન છોડી જાય તો બસ !' બુદ્ધિરતુ મા ગાન્મમ ! સંકટકાળમાં પરિસ્થિતિ સંભાળી લેનાર આવી અઘટિત–ઘટના–પટીયસી બુદ્ધિને જ મિજાજ કહે છે

પૂનામાં એક ભાઈ ઘણા મશ્કરા હતા. લાંબા પ્રવાસ પછી ઘેર આવ્યા તો તાળું ખૂલે નહિ. હવે શું કરવું ? નારાજ થવાથી તાળું ઓછું જ ઉઘડવાનું હતું ? પણ તે નાટકીય ઢંગમાં બોલ્યાં : 'અરે કમબખ્ત તાળા ! મેં તને પૂરા પૈસા આપી ખરીદ્યું હતું. હું તારો માલિક છું. તું મારા ખરીદેલા દાસ સમાન છે, બે મહિના બહાર ગયો તો શું થયું ?–મને ભૂલી જવાનો ? હવે હું તારા પર સ્નેહપ્રયોગ કરૂં છું. ખોલતો જરા તારૂં મ્હોં !' અને એમણે તેલનાં બે–ચાર ટીપાં તાળામાં નાખી ફરી ચાવી ફેરવી. તાળું તુરત ખુલી ગયું. ઘરના લોકો બહાર હેરાન થઈ રહ્યાં હતા તે પ્રસન્ન થઈ ગયા અને એ શુભ પ્રસન્નતા સાથે એમણે ગૃહપ્રવેશ કર્યો. આપણા સમાજિક જીવનનાં તાળાં પણ એવાં જ હોય છે. એને આપણે સ્નેહ–પ્રયોગથી જ ખોલી શકીએ છીએ.

સોક્રેટિસ પ્રથમ પંક્તિના તત્ત્વજ્ઞાની હતા અન પોતાના જમાનાના સહુથી કડવા ટીકાકાર. પણ મિજાજના પાકા હતા. કદી શુદ્ધ–બુદ્ધ ખોઈ દેતા નહોતા. એક દિવસ એમની પત્ની ગુસ્સે થઈ જોર-જોરથી લડવા લાગી. સોક્રેટિસ બરફની જેમ ઠંડા રહ્યા આ જોઈને તો પત્નીનો મિજાજ ઓર ગયો. એણે ગંદા પાણીની એક ડોલ ભરી સોક્રેટિસને માથે રેડી દીધી. ત્યારે એમણે કહ્યું : 'આટલી ગર્જના પછી વરસાદ તો પડે જ ને !' આવા ઠંડા મિજાજને કારણે જ તેઓ પોતાના જમાનાને સુધારી શકયા.

મહારાષ્ટ્રના સંતકવિ અને સમાજસેવક તુકારામ પણ પોતાની પત્ની સાથે શાંતિથી કામ લેતા હતા. તે પોતાના અનુભવથી કહેતા ' મના કરા રે પ્રસન્ન ! સર્વ સિદ્ધિચેં કારણ ' અર્થાત હે લોકો ! તમારા મનને પ્રસન્ન રાખો, એ જ સર્વ સિદ્ધિનું મૂળ છે.,

મેં આ લેખ ગાંધીજીની વિનોદ શક્તિના નમૂનાથી શરૂ કર્યો છે. એનો અંત પણ હું એ વાકયથી જ કરીશ જે ગાંધીજીએ પોતાની સેવા-ગ્રામની કુટિરમાં લખી રાખ્યું હતું : તમે સાચા હો તો મિજાજ સંભાળવાનું તમારે માટે આસાન છે અને તમારી વાત ઠીક ન હોય તો; મિજાજ ખોવાથી કામ કેમ થશે ?

આથી સૌથી મોટું નુકશાન મિજાજને ખોવાનું છે. જે મિજાજ ખૂએ છે તે કમજોર બને છે, અંધ બને છે, પોતે જ પોતાનો શત્રુ બને છે. જે મિજાજ ખોતો નથી તેનું ભવિષ્ય ઉજ્જવલ છે.

('જીવનસંદેશ'માંથી સાભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધનો તોડવાં પડશે

શ્રી કેદારનાથજી

દરેક યુગમાં માનવસમાજની પ્રગતિને અટકાવનારા કેટલાંક કારણ હોય છે. કયારેક ધાર્મિક રૂઢિઓ, તો કયારેક સામાજિક કુપ્રથાઓ, તો કયારેક વળી આર્થિક અથવા રાજકીય બંધન. આ બધાંને કારણે જયારે સમાજની પ્રગતિ રૂંધાવા લાગે છે ત્યારે નવા આચાર–વિચારોને જાગૃત કરવાનું જરૂરી બની જાય છે. પાર્શ્વનાથ, બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય અને આ યુગમાં ગાંધીજી આદિએ એવાં જ ક્રાંતિકારી સામાજિક અને ધાર્મિક કાર્યો કર્યાં છે.

જ્યારે જ્યારે ભેદભાવ વધ્યા, તરેહતરેહનાં કર્મ કાંડોની વૃદ્ધિ થઈ, રૂઢ આચારોના બોજ નીચે લોકો કચડાવા લાગ્યા અને જીવનનો ક્રિયા સાથે સંબંધ તૂટવા લાગ્યો ત્યારે ત્યારે આ પ્રાણવાન વિચારકોએ ગંભીરતાપૂર્વક મનન કર્યું અને આ બધાં બંધનોને તોડીને નવા આચાર–વિચારની સ્થાપના કરી નવા ધર્મની પ્રતિષ્ઠા કરી.

માન્યતાઓનો દુરાગ્રહ.

એ ઠીક છે કે પુરાણી દીવાલો તોડીને નવા આચાર–વિચારની સ્થાપના કરતી વખતે, આ વિચારકોને, કોઇ ને કોઇ નામ આપવું પડયું. અને આ નવા આચારવિચાર જ જીવનની સાથે જોડાયેલા રહેવાથી ધીરે ધીરે ધર્મ બની ગયા. પરંતુ આગળ જતાં એમાંથી પણ કેટલાક આચારવિચારો નવા માર્ગ અને સંપ્રદાયોમાં પરિવર્તિત થઇ ગયા. શરૂ શરૂમાં પ્રાર્થનાસમાજને કેટલાક લોકો નાસ્તિકોનો સંઘ માનતા હતા, કારણ કે એની એક–ઇશ્વરમાંની નિષ્ઠા, સ્ત્રી–પુરુષનો અભેદ, સ્ત્રી–શિક્ષણ અસ્પૃશ્યતાનિવારણ, વિધવાં વિવાહ ઈત્યાદિ વાતો લોકોને અસહ્ય લાગતી હતી. પણ આજ પ્રાર્થનાસમાજ અને બ્રહ્મસમાજ કોઇ પંથ નથી પણ વિચારધારાઓ છે વસ્તુત: લોકોની નાસ્તિકતાની વ્યાખ્યા ઘણી સંકુચિત હોય છે. પોતાનાથી ભિન્ન આચાર વિચારવાળી વ્યક્તિ દેખાઇ ન દેખાઇ ત્યાં તો ફટ કરતુકને એને નાસ્તિકનું બિરદ આપી દેવામાં આવે છે. આવા લોકો ન તો પોતાની માન્યતામાં છુપાયેલા સત્યને શોધવાનો પ્રયાસ કરે છે, ન પોતાના ચાલુ જીવનનો પ્રવાહ બદલવા ઇચ્છે છે. એમનામાં બસ પોતાની માન્યતાઓનો દુરાગ્રહ હોય છે. એનાથી ઊલટું, જીવનના ચાલુ પ્રવાહને વાળીને સાચો રસ્તો દેખાડનાર મહાપુરુષોને લોકો જલદી સમજી શકતા નથી, બલ્કે એમને દરેક રીતે સતાવે છે. વાસ્તવમાં વિચારને અનુરૂપ આચાર રાખવા માટે શક્તિની જરૂર હોય છે, અને એ શકિત સુધારકોમાં હોય છે. આમજનતામાં સાધારણ રીતે તે હોતી નથી. આને કારણે જ સુધારકોને તરેહતરેહનાં કષ્ટ સહેવાં પડે છે.

ધર્મ, પંથ અથવા સમાજ એક પછી એક આવે છે, એક બીજામાં સમાઇ જાય છે અને પછી નવા વિચારોની એક પરંપરા ઊભી થઈ જાય છે. સનાતન (હિંદુ) ધર્મમાંથી અનેકાનેક પંથ નીકળ્યા તો એની સાથે બૌદ્ધ, જૈન આદિ ક્રાંતિવાદી વિચારકો પણ આવ્યા, પણ પાછળથી એ બધું જ રૂઢ થઇ ગયું.

આચાર–વિચારમાં જડતા આવવાનો સંભવ

આવી રીતે, આચાર–વિચારમાં બધી જગ્યાએ જડતા આવવાનો સંભવ રહેતો હોય છે, આથી આપણે આ દિશામાં સતત સચેષ્ટ અને જાગૃત રહેવું જોઇએ. કોઇ પણ આચાર કે વિચાર માનવજાતિની પ્રગતિ કરનારો છે કે નહિ, એમાં ન્યાયવૃત્તિ ઉત્પન્ન કરનાર છે કે નહિ તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્ય બોધકથા

શ્રીપ્રાચીન હિન્દુ કથા પરથી

એકવાર લોકોએ પોતાની વિદ્વત્તા અને વાક્ચાતુર્ય માટે પ્રસિદ્ધ એવા બુદ્ધિમાન, વૃદ્ધ ઉપદેશકને પ્રશ્ન કર્યો કે 'સત્યને નાની કથાઓનાં રૂપમાં તમે અમારી સમક્ષ કેમ રજૂ કરો છો ?'

ઉપદેશકે હસીને જવાબ આપ્યો : 'આ પ્રશ્નનો જવાબ હું એક કથા કહીને આપીશ—એ હશે બોધકથાઓનાં સંબંધમાં એક બોધકથા. એક સમય એવો હતો કે જ્યારે સત્ય મનુષ્યોની વચ્ચે નગ્ન અવસ્થામાં ફર્યા કરતું હતું. જે એને જોતા તેઓ એના તરફથી દૃષ્ટિ ફેરવીને ચાલ્યા જતા—કોઈ શરમને લીધે, તો કોઈ નારાજ થઈને એની પાસે આવતા નહિ. કોઈ એની સોબત પસંદ કરતું નહિ.

એક દિવસ સત્ય ઉદાસ ચહેરે જઈ રહ્યું હતું ત્યારે અચાનક બોધકથા સાથે એની મુલાકાત થઈ. બોધકથા આકર્ષક, સુંદર કપડાં પહેરીને જઈ રહી હતી. એણે સત્યને જોઈને પૂછ્યું : 'સત્ય, તું આટલું દુઃખી કેમ છો ?'

સત્યે જવાબ આપ્યો : શું કહું ? હું કદાચ એટલું વૃદ્ધ અને બદસુરત છું કે બધા લોકો મારાથી ભાગતા ફરે છે.'

બોધકથા હસી પડી. એણે કહ્યું : 'નહિ નહિ લોકો તારી પાસેથી એટલા માટે ભાગી જતા નથી. લે હું તને થોડાં મારાં કપડાં આપું. એને પહેરી લે. પછી જો, શું થાય છે ?'

સત્યે તો ઉત્સાહથી બોધ કથાએ આપેલાં રંગબેરંગી કપડાં પહેરી લીધાં. એ ક્ષણથી સત્યનું બધી જગ્યાએ સ્વાગત થવા લાગ્યું.

આ કથા કહીને ઉપદેશક ફરી હસી પડયા. પોતાની દાઢી પર હાથ ફેરવતાં એણે કહ્યું : 'સાચી વાત એ છે કે લોકો નગ્ન સત્યને જોવા નથી ઇચ્છતા—સત્ય સારી રીતે ઢાંકેલું—શણગારેલું હોય તો જ એમને એ પસંદ આવે છે.

સદૈવ ધ્યાન રાખવું જોઈએ. વસ્તુતઃ સિદ્ધાંત બદલાતા નથી, સમય પ્રમાણે વિકસિત થતા રહે છે, આથી આપણે આપણું આચરણ હંમેશા શુદ્ધ રાખીએ તે જરૂરી છે.

જીવનથી ધર્મને અલગ કરી શકાતો નથી. ધર્મ એટલે નિયમન. ધર્મનું આચરણ જીવનને સમૃદ્ધ, પુરૂષાર્થી, પવિત્ર અને પ્રગતિશિલ બનાવે છે. એનાથી જીવનમાં વ્યાપકતા આવે છે: જે મનુષ્યને સંકુચિત, સ્વાર્થી અને ક્રૂર બનાવે તે ધર્મ નથી. વાસ્તવમાં ધર્મ તો આ આચાર અને નિયમ છે, જેના વિના માનવજીવન ચાલી જ ન શકે.

શાશ્વત નિયમોનો ભંગ

આજે આપણને કાનૂન, પોલીસ, કચેરીઓ, ઇસ્પિતાલ આદિની વૃદ્ધિ થતી જોતાં ખૂબ સંતોષ અને હર્ષનો અનુભવ થાય છે; પણ વિચાર કરીને જોઈએ તો હકીકતમાં એ બધાં આપણે માટે લજ્જાજનક છે, દુષણ રૂપ છે. લોકો જીવનના શાશ્વત નિયમોનો ભંગ કરે છે એટલે તો કાનૂન બનાવવા પડે છે અને જેટલા વધુ કાયદા બને છે એટલું જ વધારે એનું ઉલ્લંઘન થાય છે. આપણે નિયમોથી ચાલતા નથી એટલે તો પોલીસ અને કચેરીઓની વ્યવસ્થા કરવામાં આવે છે. આ શું આપણે માટે શોભાની વાત છે ? એથી તો પ્રગટ થાય છે કે આપણો સમાજ કેટલી પતિત અવસ્થામાં છે, કેટલો રુગ્ણ છે, કેટલો નીચો પડેલો છે. આ બધાં ધર્મનાં સ્વરૂપો નથી. જ્યાં ધર્મ હોય ત્યાં ન્યાય હશે, સચ્ચાઈ હશે, મિત્રતા, પ્રેમ અને આદર હશે. જ્યાં સચ્ચાઇ અને પ્રેમ હોય છે ત્યાં કાનૂનના બાહ્ય બંધનોની જરૂર નથી હોતી. યુગ યુગથી ક્રાંતદર્શી વિચારકો અને સુધારકો માનવસમાજને આ જ પ્રેરણા દેતા આવ્યા છે. આજે આપણે પણ દરેક પ્રકારની રૂઢ માન્યતાઓ અને કુંઠાઓનો ત્યાગ કરીને, આ બહારનાં બંધનોથી ઉપર ઉઠવાનું છે.('જનસંદેશ'માંથી સાભાર ઉધ્ધૃત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાચાર

શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘની સંવત્ ૨૦૧૭ ના પ્રથમ જેઠ શુદ ૫ ને શુક્રવારના રાત્રિના ૮ ક. ૩૦ મિ. મિટિંગ મળી હતી તેમાં નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવેલ.

: ઠરાવ :

જાણીતા સાહિત્યકાર અને સમાજસેવક શ્રી ભીમજીભાઇ હરજીવનદાસ પરિખ (સુશીલ) સંવત્ ૨૦૧૭ ના પ્રથમ જેઠ શુદી ૧ ના રોજ સ્વર્ગસ્થ થયા છે તે બદલ આજની મળેલી સંઘની સાધારણ સભા ઘણી જ દિલગીરી દર્શાવે છે. તેમને રાષ્ટ્રની, સમાજની, તેમજ સાહિત્યની ઘણી સારી સેવા કરી છે. તેની આ સભા માનપૂર્વક નોંધ લે છે. સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે શાસનદેવને પ્રાર્થના કરે છે.

ઉપરોકત ઠરાવ પ્રમુખસ્થાનેથી રજૂ થતાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

આપણા શ્રી સંઘના સભ્ય શેઠશ્રી દુર્લભદાસ નાનચંદ મોતીવાળા સંવત્ ૨૦૧૭ ના વૈશાખ વદિ ૪ ને ગુરુવારના રોજ સ્વર્ગસ્થ થયા છે. આજની મળેલ સંઘની સાધારણ સભા તે બદલ ઘણીજ દિલગીરી દર્શાવે છે. તેઓએ સંઘની ઘણી સારી સેવા કરી છે? તેની આ સભા માનપૂર્વક નોંધ લે છે. અને સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે શ્રી શાસનદેવને પ્રાર્થના કરે છે.

ઉપરોક્ત ઠરાવ પ્રમુખ સ્થાનેથી રજૂ થતાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. 431

ચિંતન અને મનન

જ્યારે ધનિકો ગરીબો વિષે પંચાત કરવા એકઠા થાય, ત્યારે તે દયાધર્મ કહેવાય; પરંતુ જ્યારે ગરીબો ધનિકો વિષે વિચાર કરવા એકઠા થાય, ત્યારે તે બંડખોરી કહેવાય.

—પોલ રિશાર

જો તમારે અન્નનો સ્વાદ માણવો હોય, તો તે ખાતા પહેલાં તે માટે મજૂરી કરો; જો તમારે કપડાંની મજા માણવી હોય, તો તે પહેરતા પહેલાં તેની કિંમત ચૂકવો; જો તમારે ગાઢ નિદ્રા માણવી હોય, તો પથારીમાં તમારી સાથે સાફ અંતરાત્મા લઈને જાઓ.

—બેન્જામિન ફ્રેંકલિન

જ્યારે ગોરાઓ આફ્રિકામાં આવ્યા ત્યારે તેમના હાથમાં બાઇબલ હતું, અને અમારા હાથમાં મુલક હતો; હવે તેમના હાથમાં મુલક આવ્યો છે અને અમારા હાથમાં બાઇબલ!

— આફ્રિકન કહેવત

દેવું કરીને પૈસા લાવનારા હંમેશાં લગભગ ખોટું ખર્ચ કરનારા હોય છે; અને ઊછીના લવાયેલા પૈસાથી જ બધું અનિષ્ટ સામાન્ય રીતે આચરાય છે તથા અન્યાયી યુદ્ધો લંબાવાય છે.

—જોન રસિસ્કન

મોટા ભાગની વૈભવ-વિલાસની ચીજો અને ઘણી કહેવાતી સુખસગવડો જીવન માટે અનિવાર્ય નથી હોતી; એટલું જ નહિ પણ માનવજાતની ઉન્નતિમાં વિઘ્નકર્તા હોય છે.

—હેન્રિ ડેવિડ થોરો

મોઝિઝે હીબ્રૂ લોકોને આખી નીતિ ૧૦ આજ્ઞાઓમાં આપી દીધી. થોડા વખત બાદ જિસસે વધુ કઠોર ધોરણ બે આજ્ઞાઓમાં જ જણાવ્યું અને હવે આપણા સૈકામાં આલ્બર શ્વિટ્ઝરે આખો નીતિનિયમ ત્રણ શબ્દોમાં આપણને આપ્યો છે: "જીવન માટે આદર" -અર્થાત્ ઈશ્વર અને તેનાં સરજેલાં બધાં પ્રાણીઓ માટે આદર અથવા પ્રેમ.

એલિસ ફ્રેંકલિન બ્રાયાં

પ્રકાશક: ખીમચંદ ચાપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક: હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only